# બાયડના ગાબટ ગામે ટોળાનો પરિવાર પર હૂમલો

## એક માસ અગાઉ યુવક અન્ય જ્ઞાતિની છોકરીને ભગાડી ગયો હતો : ૫૦૦નું ટોળું ઘરમાં ધસી આવી તોડફોડ કરી મહિલાઓના કપડાં ફાડી કર્યો હુમલો

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લીના બાયડ તાલુકાના ગાબટ ગામે યુવતી ભગાડી જવા સહિત ૫૦૦થી વધુ માણસોના ટોળાએ છોકરાના ઘર પર હુમલો કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો હતો. છોકરી પક્ષના ૫૦૦થી વધુ જ્ઞાતિની છોકરી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. ત્યાર બાદ છોકરીના પરિવારજનોએ કોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરતા બન્ને જણા હાજર થતા. તેમની સંમતિથી હતી અને પરિસ્થિતિ પર કાબુ મેળવવા વધુ પોલીસ બોલાવવામાં આવી હતી. અને હુમલો કરનારા લોકો સામે રાયોટિંગનો ગુનો દાખલ કરી









મામલે યુવતીના યુવક સાથેના પ્રેમલગ્નની અદાવત રાખી ટોળુ ઘર ઉપર ધસી આવી હુમલો કરતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જેના પગલે મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. આ અથડામણમાં બે પોલીસ કર્મીઓ સહિત પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા.

બાયડના ગાબટ ગામે પ્રેમ લગ્નની અદાવત રાખી છોકરીના સગા માણસોના ટોળાએ છોકરાના ઘરે પથ્થરમારો કર્યો હતો. અને ઘરમાં ઘુસી મારઝૂડ કરી હતી. સાથે જ ઘર આગળ પાર્ક કરેલા વાહનોમાં પણ તોડફોડ કરી હતી. જેના પગલે મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

થોડા સમય અગાઉ ગાબટ ગામના એક યુવકે ગામની જ અન્ય લગ્ન થયેલા હોવાનું જણાવ્યું હતું. જેની અદાવત રાખી છોકરાના ઘર પર હુમલો કરવામાં આવતા પરિવાર જનોમાં ભય ફેલાયો હતો. ઘટનાને પગલે તાબડતોબ ઘટના સ્થળ પર પહોંચેલી સાઠંબા પોલીસ પર પણ પથ્થરમારો કરવામાં આવતા પોલીસ કર્મીઓ પણ ઘવાયા હતા.

ઘટનાને પગલે સાઠંબા પોલીસ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગઈ આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી.

હાલ તો પોલીસે ભોગ બનનાર પરિવારને પોલીસ રક્ષણ આપી પરિસ્થિતિ ન વણસે તે માટે ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી સઘન પેટ્રોલિંગ હાથ ધરી હુમલો કરનાર ટોળા સામે રાયોટીંગનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરામાં મકાન સર્વે, દુકાન સર્વે તેમજ કેશડોલ્સમાં અધિકારીઓ મનમાની ચાલે છે

ધાનેરામાં આવેલ ૨૪.૭.૨૦૧૭ના પુર બાદ સરકાર તરફથી મકાન સર્વે દુકાન સર્વે તેમજ કેશડોલમાં લાગવગ અને મતભેદ જાતિવાદની નિતી તેમજ રાજકીય પ્રક્રિયા દ્વારા કામ થઈ રયુ છે.

ધાનેરામાં આ બાબતે મુકાયેલ મુખ્ય અધિકારીશ્રી પણ પોતાનો રોફ જમાવી મનમાની ચલાવી રહ્યા છે નગરપાલિકાના કોપોરેટર અને રાજકીય હાથવાળા લોકોનુ કામ થઈ રયુ છે ત્યારે ખરેખર જેને જરૂરીયાત છે અને કયા- કેવી રીતે અરજી કરવી તે પણ ખબર નથી તેવા વ્યકિતઓ રહી ગયેલ છે.



આ તસવીરમાં બતાયેલ દુકાનની બાજુ માં પાણી જોવા મળી રહ્યું છે પરંતુ વારંવાર રજુઆતો કરવા છતાં તેઓને ચેક કે રાહત આપવામાં આવેલ નથી કેમ ? તો દરેકને ન્યાય મળે તેવી લોકોની માંગ છે.

લાધાપુરા વિસ્તાર ડો.આબેડકર વિસ્તાર શિવનગર વિસ્તાર શિવશકિત વિશ્વકર્મા સુભાષરોડમાં પાણી આવેલ અને નુકસાન પણ થયેલ છે પરંતુ અધિકારીઓ પોતાના ખીસ્સાનાં પૈસા આપવાના હોય તેવી રીતે વર્તન કરી રહ્યા છે. આવાં દરેક પ્રકારના સર્વેમાં લાલીયાવાડી અને મનમાની તો આ બાબતે જિલ્લા કલેક્ટર તપાસ કરાવી ઘટતી કાર્યવાહી કરે તેવુ લોકો ઈચ્છી રહયા છે.



સોમવતી અમાસે શિવજીની કૃપા મેળવતા હોય છે. મોડાસામાં વિવિધ મંદિરોમાં અને ઘરોમાં શિવજીની કૃપા મેળવવા હોમ અને યજ્ઞથી અમાસના દાડે સમગ્ર વાતાવરણ ભક્તીમય બન્યુ હતુ. મોડાસાના મેહુલ જોષી દ્વારા લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જોષી દ્વારા લઘુરુદ્ર આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પરીવાર અને મિત્રો દ્વારા આ લઘુરુદ્રને યાદગાર બનાવવા વૃક્ષારોપણ કરીને પર્યાવરણ અને ધાર્મીકતાને જોડીને અનોખુ ઉદાહરણ આપ્યુ હતુ. આ લઘુરુદ્ર પૂજા કાર્યક્રમમાં સામાજીક કાર્યકરો, પરીવારના મિત્રો જોડાયા હતા.

# અરવલ્લી જિલ્લામાં ચોટલી કાંડનો પ્રથમ કિસ્સો નોંધાયો

## મેઘરજના રોયણીયા ગામની ૨૨ વર્ષીય ઘાસચારો લેવા ગયેલી મહિલાની ચોટલી કપાતા બેભાન

અરવલ્લી, તા. ૨૩

ઉત્તરભારતથી ગુજરાતમાં પહોંચેલા ચોટલી કાંડની ઘટનાઓ અને અફવાઓને પગલે ખૌફનો માહોલ જોવા મળતા રાજ્ય સરકારે લોકોમાં ફેલાયેલો ભય દૂર કરવા અને સત્ય હકીકત જાણવા સી.આઈ.ડી. ક્રાઈમને તાપસ સોંપી કેટલાક કિસ્સાઓ ત્વરિત ઉકેલી દીધા હતા અને મહિલાઓએ જાતે જ ચોટલીઓ કાપી હોવાની વાત બહાર આવતા રાજ્ય સરકાર સહીત મહિલાઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો પણ હજુ પણ રાજ્યમાં એકલ-દોકલ મહિલાઓની ચોટલીઓ કાપવાની ઘટના બની રહી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ ચોટલીકાંડની ઘટના સામે આવી છે. મેઘરજ તાલુકાના રોયણીયા ગામની ૨૨ વર્ષીય મહિલા ખેતરમાં ઘાસચારો લેવા ગઈ હતી ત્યારે તેની ચોટલી કપાતા યુવતી બેભાન થઈને ઢળી પડતા સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ચોટલી કપાવાની ઘટનાથી જિલ્લા સહીત મેઘરજ પંથકમાં ચકચાર મચી હતી અને અવનવી અફવાઓનું બજાર તેજ બન્યું હતું. ત્યારે જિલ્લા પોલીસે તંત્ર દ્વારા સમગ્ર ઘટનાક્રમની હકીકત બહાર લાવે તે ખુબ જ જરૂરી છે.



મેઘરજ તાલુકાની રોયણીયા ગામની અને હાથ પહાડીયા ફળિયામાં રહેતી ૨૨ વર્ષીય મહિલા મેનકાબેન મણાભાઈ પાંડોર મંગળવારે બપોરે ઘર નજીક આવેલા ખેતરમાં પશુઓ માટે ઘાસચારો લેવા ગઈ હતી અને ઘાસચારો કાપતી હતી ત્યારે અચાનક ખેતરના પાળા નજીક બેભાન થઈ ઢળી પડી હતી ત્યારે અન્ય એક મહિલા અહીંથી પસાર થતા મહિલાને બેભાન અવસ્થામાં ઢળી પડેલી જોઈ બુમાબુમ કરતા આજુબાજુમાંથી રહીશો દોડી પહોંચ્યા હતા અને બેભાન મહિલાના બાલની લટ (ચોટલી) કાપેલી અને બાજુમાં પડેલી જોતા સ્તબ્ધ રહી ગયા હતા. બેભાન મહિલાને તાત્કાલિક મેઘરજની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી તબીબી સારવાર બાદ મહિલાને હોશ આવતા અને મહિલાની કોઈ ચોટલી કાપી ગયાનું જણાવતા આ ઘટનાની જાણ મેઘરજ નગરમાં અને પંથકમાં વાયુવેગે ફેલાતા મંગળવારે મોડીરાત્રે લોકોના ટોળેટોળા હોસ્પિટલ ખાતે મહિલાને જોવા ઉમટી પડયા હતા આ અંગેની જાણ મેઘરજ પોલીસને થતા પોલીસતંત્ર પણ હોસ્પિટલ ખાતે દોડી આવી ચોટલી કપાયેલી મહિલાની પૂછપરછ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ચોટલીકાંડનો ભોગ બનનાર મહિલાની રૂબરૂ મુલાકાત લેતા અસ્વસ્થ અને માનસિક રીતે ખુબજ ડરી ગયેલી જણાઈ હતી. મહિલાના શબ્દોમાં સમગ્ર ઘટના અંગે જણાવ્યું હતું કે મંગળવારે બપોરે ઘર નજીક આવેલા ખેતરમાં ઢોર માટે ઘાસચારો લેવા ગઈ હતી ત્યારે અચાનક પાછળથી કોઈએ વાળ (લટ) ખેંચી હોય તેવું લાગ્યું હતું પછી બેભાન થઈ ગઈ હતી જ્યારે હોશમાં આવી ત્યારે મેઘરજ હોસ્પિટલમાં હતી અને મારી ચોટલી કપાઈ ગઈ હોવાની જાણ થઈ હતી.

# ખેડબ્રહ્મામાં સિનિયર સિવિલ કોર્ટની ફાળવણી

## ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકાઓની સંયુક્ત સીની. સીવીલ કોર્ટ ઘરઆંગણે આવતાં લોકોનો આનંદથી આવકાર

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકાઓની સંયુક્ત સીનીયર સીવીલ જજની કોર્ટની ખેડબ્રહ્મામાં ફાળવણી કરવામાં આવતાં ત્રણે તાલુકાના બાર એસોસીએશન પક્ષકારો અને લોકોમાં આનંદ ફેલાયો છે. હાઈકોર્ટ તથા સરકારના આ નિર્ણયને લોકોમાં સારો આવકાર મળી રહ્યો છે.

ખેડબ્રહ્મા બાર એસોસીએશનના પ્રમુખ આર.જે. ચૌહાણ તથા મંત્રી જે.બી. સુથારના જણાવ્યા અનુસાર ગુજરાત હાઈકોર્ટના જિલ્લા રજીસ્ટ્રાર જનરલ તથા સરકારમાં સીનીયર સીવીલ કોર્ટ માટે વારંવાર રજુઆતો કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા-પોશીના તાલુકાના અંતરીયાળ આદીવાસી પક્ષકારોને ઈડરની સીની. સીવીલ કોર્ટમાં ન્યાય મેળવવા જવુ પડતુ હતુ. જેથી લોકોના સમય અને પૈસાનો વ્યય થતો હતો અને ન્યાય મેળવવામાં પણ વિલંબ થતો હતો. બાર એસોસીએશનની રજુઆતો અને લોકોની માગણીના પગલે ખેડબ્રહ્મામાં સીનીયર સીવીલ કોર્ટની મંજુરી મળી છે. ખેડબ્રહ્મા વિજયનગર અને પોશીના તાલુકાઓના લોકોને ઘર આંગણે સીનીયર સીવીલ કોર્ટનો લાભ મળતાં લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત સરકારના આ નિર્ણયને ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકાઓના બાર એસોસીએશનના હોદ્દેદારો-વકીલો અને પક્ષકારો સહીત લોકોમાં સારો આવકાર મળી રહ્યો છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પાલનપુર ગામમાં બરફના શિવલીંગનો અદ્ભૂત નજારો બનાવવામાં આવ્યો હતો. તથા બરફના હિમાલય પર્વતનો અદ્ભૂત નજારો નિહાળવા અને શિવલીંગના હિંડોળા દર્શનાર્થે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો.

# સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા વિજળી કોન્ટ્રાક્ટર મંડળ પ્રમુખ પદે સતત ચોથીવાર નિમણુંક



ભિલોડા,તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા વિજળી કોન્ટ્રાક્ટર મંડળ પ્રમુખ પદે જીજ્ઞેશભાઈ હરકિશનદાસ જોષી, ગલોડીયા, તા.ખેડબ્રહ્મા, ઈલેક્ટ્રીક એન્જીનીયરની સરકાર માન્ય ઈલેકટ્રીક સુપરવાઈઝર અને કોન્ટ્રાક્ટર તરીકે સતત ચોથીવાર નિમણુંક કરાતાં જીલ્લાભરમાં આનંદની લાગણી પ્રસરી છે.

# ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કેશલેશ ઈકોનોમી પર વ્યાખ્યાન યોજાયું

ભિલોડા,તા.૨૩

ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કેશલેશ ઈકોનોમી પર વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે દેના બેંક મેનેજર, અરવલ્લી જીલ્લા ફાયનાન્સીયલ લિટ્રેસી કાઉન્સીલર બી.વી.ખરાડી ઉપસ્થિત રહ્યા હતા. કેશલેશ ઈકોનોમી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય દિનેશચંદ્ર ચૌબિસાએ કેશલેશ ઈકોનોમી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. અધ્યાપક અતુલભાઈ શાહએ કેશલેશ ઈકોનોમી વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ ધ્વારા કેશલેશ ઈકોનોમી વિશે વિવિધ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાૅ.ભાવનાબેન સોનીએ કર્યું હતું.

# ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદીર વિદ્યાલયમાં મતદાન જાગૃતી કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૩

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદીર વિદ્યાલયમાં મતદાન જાગૃતી સંદર્ભે કાર્યક્રમ યોજાયો હતો. ભારત દેશના ૧૫ થી ૧૭ વર્ષના યુવાઓ કે જેઓ આવતી કાલના ભાવિ મતદારો છે ત્યારે તેઓ ચુંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલી બાબતો સમજે તે ઉદ્દેશથી ચુંટણી પંચ ધ્વારા એસ.ઈ.પી.પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો.

ધોરણ.૯ થી ધોરણ.૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓને ચુંટણી પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદીર વિદ્યાલય આચાર્ય રમણભાઈ પટેલ,પ્રાંત અધિકારી, નાયબ મામલતદાર, અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, ભોગીલાલ પટેલ સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના પ્રખ્યાત ગણેશ મંદિરોમાં ઉત્સવી માહોલનો ધમધમાટ

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના પ્રખ્યાત ગણેશ મંદિરોમાં ઉત્સવી માહોલનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.



અરવલ્લી જિલ્લામાં મોડાસા, ભિલોડા, મેઘરજ, સહિત વિવિધ વિસ્તારોમાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓનો દોર શરૂ થઈ ગયો છે. જિલ્લાભરમાં ઠેર-ઠેર દુંદાળા દેવ ગણપતીને વધાવવા ગણેશજીના ભાવીક ભક્તોમાં અનેરો આનંદ, ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણેશ મહોત્સવ નિમિત્તે ઠેર ઠેર લોકો ડાયરા, મ્યુઝીકલ નાઈટ, રાસ-ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ ગણેશ મહોત્સવ દરમ્યાન જોવા મળશે. ગણેશ ચતુર્થીના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાવીક ભક્તો દ્વારા તડામાર તૈયારીઓનો આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે ગણેશ મહોત્સવ દરમ્યાન કેમીકલ કલર યુક્ત વાળી ફાયરકલેની બનાવટથી તૈયાર કરાયેલ ગણેશજીની મૂર્તિઓ ન ખરીદવા રાષ્ટ્ર જોગ સંદેશ આપ્યો છે. ત્યારે ચિનાઈ માટીની બિન નુકસાનકારક કલર યુક્ત ઈકો ફ્રેન્ડલી ગણેશજીની આબેહૂબ મૂર્તિઓની ધૂમ ખરીદી ભાવીક ભક્તો દ્વારા જોવા મળી રહી છે. ગણેશ મહોત્સવ નિમિત્તે બજારોને નવુ જોમ મળશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

# ભિલોડાના ભાણમેર ગામની પરણીતાની સાસરીયા સામે ફરિયાદ

ભિલોડા,તા.૨૩

ભિલોડા તાલુકાના ભાણમેર ગામની પરણીત મહિલાને સાસરીયાઓ ધ્વારા લગ્ન જીવનના ટુંકા ગાળામાં શારીરીક-માનસિક ત્રાસ ગુજારતાં પરણીતાએ પોલીસના ધ્વાર ખટખટાવ્યા છે. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ભાણમેર ગામની પરણીતા ક્રિષ્નાબેનના પતી સતિષભાઈ ગાટીયાએ લગ્ન જીવનના બે વર્ષ બાદ કહ્યું કે તુ હવે મને ગમતી નથી તેમ કહી તુ તારા માતા-પિતાના ઘરે પાછી જતી રહેજે તેમ કહી અવાર-નવાર સાસુ, સસરા, જેઠાણી, કાકાજી સહિત સાસરીયાઓ પરણીતાને શારીરીક-માનસિક ત્રાસ ગુજારી મ્હેણાં-ટોણા મારી માનસિક ત્રાસ ગુજારતાં સાસરીયાઓથી ત્રાહિમામ પોકારી ઉઠેલી ક્રિષ્ણાબેન ડામોરએ પોલીસ સ્ટેશનમાં શારીરીક-માનસિક ત્રાસ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ (૧) સતિષભાઈ સવજીભાઈ ગાટીયા, પતી (૨) સવજીભાઈ નાથાભાઈ ગાટીયા, સસરા (૩) સમુબેન સવજીભાઈ ગાટીયા, સાસુ (૪) સુરતાબેન મુકેશભાઈ ગાટીયા, જેઠાણી તમામ રહેવાસી ભાણમેર (૫) સિધ્ધરાજભાઈ ખીમજીભાઈ ગાટીયા, કાકાજી, રહેવાસી. આંબાબાર છે.પારણીતાની ફરીયાદના આધારે ભાણમેર ગામના સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.